અપીલ અરજી નં.૩૦૬ તા.૧૮–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા આઈ ડી. નં.ર૭૩ ની તા.૧૩–૧૦–૦૯ ની અરજીથી(૧) કાર્યપાલક ઈજનેર શ્રી જે એમ. આઝાદની પોસ્ટીંગ ચાર્જ સંભાળ્યાના ઓર્ડરની પ્રમાણિત નકલ તથા માહિતી (ર) ઉધનાઝોનમાં આવેલ ટીપી નં.ર૯ મોજે વેસુ ,રૂંઢ,વેસુ–મગદલ્લા, ટીપી નં.૬ (મજુરા, ખટોદરા) અને ટીપી નં.પ (અઠવા,ઉમરા) અને ટીપી નં.૯ (મજુરા) વોર્ડ નં.૧૩ અઠવા વિસ્તારમાં તા.રપ–૬–૦૮ થી તા.૯–૭–૦૯ સુધીના પીરીયડમાં સબબ વિસ્તારમાં શહેર વિકાસ ખાતુ અઠવાઝોનમાં જુ.ઈ. અને ડે.ઈ. પોસ્ટીંગ ઓર્ડર ચાર્જ સંભાળેલ ઓર્ડરોની પ્રમાણિત નકલ તેમજ સદરહુ ઉપરોકત વિસ્તારમાં જુ. ઈ. તરીકે તેમજ ડે. ઈ. તરીકે રેગ્યુલર પોસ્ટીંગ કયા કર્મચારીની કેટલા સમયગાળાની છે તેની પ્રમાણિત નકલો તેમજ ચાર્જ સોંપાયો હોય તો કેટલા સમયગાળાનો સોંપાયો? અને કોનો ચાર્જ સોંપાયો અને કયા કારણોસર સોંપાયો? અને તેઓ કયારે હાજર થયા અને કયારે તેઓ કાર્યભાર કોની પાસેથી લઈને સંભાળ્યો અને ન સંભાળ્યો હોય તો કયા કારણસર નથી સંભાળ્યો અને શા માટે નથી સંભાળ્યો તે તમામ ઓર્ડરની પુરાવાની વિગતવાર ખુલાસાની વિગતો. (૩) નિર્દિષ્ટ વિસ્તારમાં અને સમયગાળામાં કેટલા પ્લાનોની અરજીઓ અઠવાઝોન ધ્વારા મંજુર કરી રજાચિઠ્ઠી આપી કેટલી મિલકતોની ગેરકાયદેસર બાંધકામની નોટીસો આપી કેટલા મિલકતોને બીયુસીની પરમીશન આપી તેની પ્રમાણિત નકલો. (૪) સદર બાબતે ઉપરોકત વિસ્તારમાં હાલમાં પ્લાન મંજુરીની કેટલી અરજીઓ પેન્ડીંગ છે? કેટલી બીયુસીની પરમીશનની અરજીઓ પેન્ડીંગ છે? તેમજ ગેરકાયદેસર બાં ધકામ આપેલ નોટીસો કેટલી દફતરે કરેલ નથી અને હાલમાં પેન્ડીંગ છે તેની વિગતવાર કારણો સહિતની પ્રમાણિત નકલો ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૬/ર૦૦૯–૧૦

અરજદાર શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની આઈ ડી નં.ર૭૩ તા.૧૩–૧૦–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબતે મળેલ પ્રતિભાવ બાબતે મુદ્દા નં.ર,૩ અને ૪ ની માહિતી છુપાવી પુરાવાસહ માહિતી આપેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૭ તા.ર૯–૧૨–૯ થી ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મળેલ માહિતીમાં કયા પુરાવાઓ મળેલ નથી અને કયા પુરાવા મળેલ છે તેના આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૪–૧–૧૦ ના રજુઆત પત્ર પૂરક વિગતોમાં મળેલ છે. પરંતુ અરજદારે મળેલ માહિતીની કોઈ વિગતો રજૂ કેરલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૩૬ તા.૭–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અને દસ્તાવેજો અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૦૦ તા.૧૧–૧૧–૦૯ ના પત્રથી પાના નં.૬૭ પ્રતિ રૂા. ર/– લેખે કુલ્લે રૂા.૧૩૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ તથા સનં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૧૬ તા.૧૯–૧૧–૦૯ ના અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૩–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજી પશ્ચાત તા.૧૧–૧૧–૦૯ ના પત્રથી પાના નંગ ૬૭ પ્રતિ રૂા.ર લેખે માહિતી અને દસ્તવેજોના કુલ્લે રૂા.૧૩૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જેના અનુસંધાને તા.૧૯–૧૧–૦૯ થી મુદ્દા નં.૧ અન્વયે અરજીમાં માંગેલ માહિતીની નકલ પાના નંગ–૧ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર અન્વયે અરજીમાં માંગેલી માહિતીની નકલ પાના નંગ–૬ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ અન્વયે અરજીમાં માંગેલ માહિતીની નકલ પાના નંગ–૬૦ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) સદર બાબતે ઉપરોકત વિસ્તારમાં હાલમાં પ્લાન મં જુરીની કેટલી અરજીઓ પેન્ડીંગ છે? કેટલી બીયુસીની પરમીશનની અરજીઓ પેન્ડીંગ છે? તેમજ ગેરકાયદેસર બાંધકામ આપેલ નોટીસો કેટલી દફતરે કરેલ નથી અને હાલમાં પેન્ડીંગ છે તેની વિગતવાર કારણો સહિતની પ્રમાણિત નકલો ની માહિતી માંગેલ. જે બાબતે અરજીમાં જણાવેલ સમય ગાળા દરમ્યાન તે વિસ્તારમાં હાલ કુલ ર૮ અરજી પેન્ડીંગ છે બીયુસીની પરમીશન કુલ ૬ પેન્ડીંગ છે. ગેરકાયદેસર બાંધકામ સબબ આપેલ નોટીસો પૈકી કુલ ૩ દફતરે કેરલ નથી. જે હાલમાં અરજી પેન્ડીંગ છે તેવી માહિતી આપેલ છે.

અરજદારે અપીલ તબકકે શ્રી એન.આર. પટેલની રજા દરમ્યાન શ્રી ઠકકરને અપાયેલ ચાર્જના સમયગાળાની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તથા શિક્ષાત્મક પગલાની રજૂઆત કરેલ છે.જયારે મુદ્દા નં.૪ અંગે પુરી નકલો નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. પરંતુ પૂરક વિગત પુછાવતાં પણ અરજદારે ચોકકસ કઈ નકલો મળેલ નથી તે સ્પષ્ટ કરેલ નથી. વધુમાં તેમની મુળ અરજીથી મુદ્દા નં.૪ અંગે "ખુલાસા–કારણો" ની માહિતી માંગેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ હેઠળ જાહેર સત્તા મંડળ પાસેના ઉપલબ્ધ દફતરની માહિતી નકલો આપવાની જોગવાઈ છે. જે પ્રમાણે જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ છે. જયારે માહિતીમાં જણાવેલ છે કે અરજીઓ પડતર છે. અને જયારે કાર્યવાહી માટે પડતર હોય તો તે બાબતો આરટીઆઈ એકટની કલમ–૮(૧) આઈ હેઠળના અપવાદમાં પણ સમાવિષ્ટ થઈ શકે. તદઉપરાંત ત્રાહિતની માહિતીને લગતી હોય તો કલમ–૧૧ હેઠળ પણ કાર્યવાહીને પાત્ર ઠરે. જેથી પ્રસ્તુત તબકકે મુદ્દા નં.૪ પૂરતી તકરારને સ્થાન નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ શ્રી એન.આર. પટેલની રજા દરમ્યાન શ્રી ઠકકરે સંભાળેલ હવાલાના પુરા સમયગાળાની બાકી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેથી જણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા,